સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

દાખલ થયા વિના જ દર્દી સાજા થઈ જાય છે!
એમ આંકડે 'રિકવરી'માં જાજા થઈ જાય છે!
છે પ્રવીણતંત્ર બતાવે પ્રગતિ પત્રકો પર -
રસ્તાનો ભિક્ષુક પણ 'પી' ને રાજા થઈ જાય છે
(આંકડાના નશે ફૂલાતા કુલણજી)

હાઈકુ

હેરાફેરીથી
હવે પાછા આવશે ?!
ગયેલા પ્રાણ ?!
(પ્લાંટ શરૂ થવાના છે)

માત્ર સૂણીને -
અનાજ ઉત્પાદન -
પેટ ભરાય ?!
(આંકડામાં રાચતી સરકાર)

ચિંતન

પામવાની : સ્વસત્યનીસ્તાભિર્ગચ્છતિ નાનદનમ્ ।
પુણ્યાંશ્ચ ભક્ષાન્ભયત્યમૃતત્વં ચ ગચ્છતિ ॥

ઉપરોક્ત શ્લોક સામવેદમાંથી લેવામાં આવેલ છે.

જેના વડે મનુષ્યના વિચાર સતકર્મ તરફ પ્રેરિત થતા હોય એવા સાહિત્યના સ્વાધ્યાયથી સ્ત્રીપુરુષોને આનંદ મળે છે. તેઓ જીવનભર ઉત્તમ પદાર્થોનું સેવન કરતા રહીને અંતે મોક્ષ પ્રાપ્ત કરે છે. માણસ સ્વભાવથી નથી તો બુદ્ધિશાળી કે નથી મૂર્ખ, નથી ભલો કે નથી ખરાબ, વસ્તુતઃ તે ખૂબ સંવેદનશીલ પ્રાણી છે. સદ્‌ગ્રંથોનો પાઠ અમૃતપાન સમાન હોય છે અને જીવનના ગાઢ અંધકારમાં દીવાદાંડીનું કાર્ય કરે છે. મહાન પુરુષોનો સત્સંગ અને તેમના પુસ્તકોનો સ્વાધ્યાય રામબાણ ઔષધિનું કાર્ય કરે છે.

સ્વાધ્યાયના બે અર્થ છે. પહેલો અર્થ વેદ સદ્‌ગ્રંથોનું અધ્યયન અને બીજો અર્થ સ્વ અધ્યયન અર્થાત્ આત્મનિરીક્ષણ દરરોજ થોડીવાર આત્મનિરીક્ષણ કરવાથી પોતાના દોષો જોવાથી પણ પ્રગતિ થાય છે.

સુવિચાર

- સીમિત કર લેના અપની ચાહો કો, આસાન કર લેના અપની રાહો કો, જીવન મેં સચ્ચી શક્તિ પાના હૈ તો, દુખિયોં કે લિએ ફૈલા દેના અપની બાંહો કો - **ડો. પ્રતાપ**
- ઘણીવાર પાંચ કલાકની પાર્ટીમાં પણ મજા નથી આવતી અને ઘણી વખત પાંચ સેકન્ડ હાથ પર બેઠેલું પતંગિયું દિલમાં રંગો ભરી જાય છે - **કૃષ્ણકાન્ત ઉનડકટ**
- જેની પાસે જે હોય છે તે એ જ વહેચી શકે છે, જેમ કે સુખી સુખ, દુઃખી દુઃખ અને જ્ઞાની જ્ઞાન, ભ્રમિત ભ્રમ અને ભયભીત ભય વહેંચે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે ધનવાન છે, પણ ગુણવાન નથી. તેની સોબત કદી ન કરવી - **જનકલ્યાણ**
- ક્ષમા કદી પણ કયારેય કોઈનું અકલ્યાણ કરતી નથી - **બોધિવૃક્ષ**
- ધર્મો, કલ્યાણકારી માર્ગો અને કુદરતી સત્યો કલ્યાણકારી રાજયનું નિર્માણ કરે છે - **ચાણક્ય**
- આજનું ઔષધ : મરી પાઉડરમાં એક ચમચી મધ અને ચપટી હળદર મેળવી ચાટી જવાથી સૂકી ખાંસીમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

પ્રાચીનકાળની ઘટના છે. શીમક નામના એક શ્રીમંત શેઠ નાણાનો ખુબ જ સમજી વિચારીને ઉપયોગ કરતા હતા. તે કયારેય દેખાડો કરવામાં નાણાંનો દુરુપોયગ કરતો નહીં. આ કારણે લોકો તેને 'કંજૂસ શેઠ' કહેતાં. એક વાર શીમક શેઠને જોરદાર તાવ આવ્યો. તેમા પુત્રોએ સારામાં સારા વૈદ્યરાજ પાસે ઉત્તમ દવા તૈયાર કરાવી. પરંતુ દવા લેવાનો શેઠે ઈન્કાર કર્યો અને કહ્યું, 'ઔષધિનું કામ રોગના પ્રભાવને રોકવાનું છે, રોગનો નાશ કરવાનું નહીં. આ કામ તો સૃષ્ટિ પોતે જ કરે છે.' પુત્રોએ પિતાને કહ્યું, 'ભલે પૈસા વપરાઈ જાય પણ તમે સ્વસ્થ થાઓ તે ખૂબ અગત્યનું છે.' શીમકે દવા ન જ ખાધી. અને ત્રણ-ચાર દિવસમાં સ્વસ્થ થયા.

શીમક શેઠને ખબર પડી કે નગરના પરમ વિદ્વાન આચાર્ય મહીધરે ખૂબ જ મહેનત કરીને વેદોનું ભાષાંતર કર્યું છે. પંરતુ નાણાના અભાવે તેઓ તેને પ્રકાશિત કરી શકતા નથી, આથી શીમકે આચાર્ય મહીધરને બોલાવીને કહ્યું, 'આપ પુસ્તક પ્રકાશિત કરવાની રકમ મને કહો. હું બધો ખર્ચ આપવા તૈયાર છું. નાણાના અભાવે જ્ઞાનનો પ્રવાહ અટકવો ન જોઈએ.'

આચાર્ય મહીધરે શેઠને દાનનો ઉપયોગ વેદોનું જ્ઞાન ઘરે-ઘરે પહોંચાડ્યું.

માસ પ્રમોશનથી પ્રશ્ન પતી જતો નથી

તંત્રીસ્થાનેથી...

આખરે ગુજરાત સરકારે દસમા ધોરણની પરીક્ષા રદ કરી માસ પ્રમોશન આપવાનો નિર્ણય લેવો પડ્યો છે. શિક્ષણમંત્રી છેક આગલા દિવસ સુધી માધ્યમિક બોર્ડના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણામાં આ પરીક્ષા લેવી જોઈએ એવો અભિપ્રાય ધરાવતા હતા પણ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટીની બેઠકમાં વિપરીત સંજોગો જોતાં પરીક્ષા નહીં લેતાં બધા વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય થયો છે. દસમું ધોરણ એ માધ્યમિક શિક્ષણનો એક વચ્ચેને પડાવ છે. એ પછી બે વર્ષ ઉચ્ચતર માધ્યમિકનાં ગણાય છે અને બારણા ધોરણનો ઉંબરો ઓળંગ્યા પછી વિદ્યાર્થી એના ગજા પ્રમાણે ઉચ્ચ શિક્ષણની કોઈ શાખામાં પ્રવેશ મેળવી સ્નાતક થતો હોય છે. આપણે સમગ્ર દેશની શિક્ષણ પદ્ધતિ મુજબ ૧૦ + ૨ શિક્ષણ પ્રણાલી અપનાવી એ પૂર્વે આપણા વિદ્યાર્થીઓનું માધ્યમિક શિક્ષણ અગિયારના ધોરણની પરીક્ષા સાથે પૂરું થતું. એને આપણે મેટ્રિક અથવા એસએસસી જેવા નામે ઓળખતા હતા. દસમા ધોરણમાં લાખો વિદ્યાર્થીઓ ભણતા હોય છે, એ પૈકીના અમુક દસમા ધોરણ પછી ઉપલબ્ધ ઈજનેરી ડિપ્લોમા કે આઈટીઆઈ જેવા કોર્સમાં જોડાતા રહ્યા છે. અમુક ટકા વિદ્યાર્થીઓ નાપાસ થતાં ફરી પાછા દસમાની પરીક્ષા આપતા હોય છે. જે પાસ થાય છે તે ઉચ્ચતર માધ્યમિક ધોરણમાં પ્રવેશ મેળવી એ પછીની કારકિર્દીની પૂર્વ તૈયારીમાં લાગી જતા હોય છે. માસ પ્રમોશન આપવાથી ઘણા ગોટાળા સરજાઈ શકે એમ છે એ વાતથી શિક્ષણમંત્રીશ્રી વાકેફ હતા. એટલે સીબીએસઈ (કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ) દ્વારા દસમા ધોરણના માસ પ્રમોશનનો નિર્ણય લેવાયા પછી ભારે મૂંઝવણ અનુભવતા હતા અને શક્ય ત્યાં સુધી મોડી વહેલી પરીક્ષા લેવી જ એવો અભિપ્રાય ધરાવતા હતા. પરંતુ ચાઈનીઝ કોરોનાની બીજી લહેર એટલા મોટા પ્રમાણમાં આવી ગઈ કે લાખો વિદ્યાર્થીઓના જીવન સાથે ચેડાં કરવા જેવી પરિસ્થિતિ સરજાશે એવો ભય લાગવા માંડ્યો. વાલીઓ ચિંતિત હોય એ સ્વાભાવિક છે. અદાલત પણ ચિંતિત હતી. આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને પરીક્ષા ખંડોમાં પહોંચાડવા અને પરીક્ષાનો કર્મકાંડ પાર પાડવો એટલે સરકારી મશીનરીને એમાં રોકી રાખવી પડે. પરિણામે વેક્સીનેશન જેવી ઝુંબેશથી લઈ કોરોના મેનેજમેન્ટમાં પણ ભારે અડચણ ઊભી થાય. વિદ્યાર્થી સંક્રમિત થાય તો સરકાર, શાળા અને પરિવાર - તમામના માથે આભ તૂટી પડે. આ બધું વિચારીને માસ પ્રમોશનનો નિર્ણય લેવાયો હશે, પણ હવે માસ પ્રમોશન આપવું કઈ રીતે એ પ્રશ્ન પણ ઊભો જ છે. આખું વર્ષ વિદ્યાર્થી શાળાએ તો ગયા જ નથી. એનું મેરીટ કયા મુદ્દાઓ ધ્યાને લઈ તૈયાર કરવું એ પણ પ્રશ્ન થશે. સત્રાંત પરીક્ષા પણ મોટા ભાગના વિદ્યાર્થીઓએ ઓનલાઈન આપી છે. એટલે બોર્ડ ગમે તેટલા પ્રામાણિક પ્રયાસો કરશે તો પણ વિદ્યાર્થીઓને ન્યાય આપી શકાશે કે કેમ એ સવાલ તો રહેવાનો જ છે. એવડી મોટી સંખ્યા સીધી જ અગિયારમાં ધોરણમાં ખાબકશે તો વર્ગો અને શિક્ષકો પણ વધારવા પડશે. વળી રિપીટર્સનો પ્રશ્ન તો ઊભો જ રહેશે. સાહસિક કદમ ભરવું પડ્યું છે પણ બીજો વિકલ્પ જ ક્યાં બચ્યો હતો ? શિક્ષણની ગુણવત્તા પર માસ પ્રમોશનની કેવી માઠી અસરો થતી હોય છે તે નવનિર્માણ આંદોલનના પગલે કૉલેજો અને યુનિવર્સિટીઓમાં સ્નાતક સિવાયના વર્ગોમાં અપાયેલ માસ પ્રમોશન વખતે ગુજરાતના વિદ્યાજગતે સુપેરે અનુભવેલું છે.

મ્યુકરમાઈકોસીસ શું છે ?

સારા માણસોની ભગવાનને ત્યાં વધારે જરૂર છે ? : જે પણ મૃત્યુ થયા છે, તે કોરોનાના હિસાબે જ થાય છે?



તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

આજે ગાંડાભાઈ, ડાહ્યાભાઈ, વિપુલ અને નિલેશ બધા જ હાજર છે. બધા ખુશમાં છે. ભધાએ માસ્ક પહેરેલું છે. બધા પોતપોતાની રીતે ખુરશીમાં બેઠેલા છે. સોશ્યિલ ડિસ્ટન્સીંગ રાખીને બેઠેલા છે. કારણ કે સારા દેશમાંથી સારા સમાચાર આવવા લાગ્યા છે. બધા જ રાજયોમાં અને આખા દેશમાં કોરોનાનો ગ્રાફ નીચો આવ્યો છે. ગાંડાભાઈ સ્વભાવ પ્રમાણે બકવા લાગ્યા. યાર ગયા ૧૫ દિવસમાં તો ખૂબ લોકોએ પોતાનો કિંમતી જીવ ગુમાવ્યો. જેને પૂછો બસ એક જ વાત ઓક્સિજન ૯૦ છે અને૯૧ છે. બધા જ હોસ્પિટલો શોધતા હતા. કયાંક જગ્યા ખાલી છે. તકલીફ તો એ હતી કે હોસ્પિટલો સારી છે? ખરાબ છે? ત્યાં કોણ ડૉકટર છે ? એ બધા ડૉકટરને શું અનુભવ છે ? એ કશું જોયા સિવાય લોકો આડેધડ ગમે તેવી હોસ્પિટલ દાખલ થઈ જતા હતા. ઘણું ખોટું હતું, ઘણું સાચું હતું. ઘણીએ બંધ થઈ જાય એવી હોસ્પિટલોમાં કોરોનાએ જીવનદાન આપ્યું. સરકારી યુ.એન. મહેતા જેવી સારી હોસ્પિટલોમાં તો જગ્યા જ નહોતી.

ઘણી બધી સારી હોસ્પિટલો પોતાની શક્તિ ઉપરાંત દર્દીઓને રાખતી હતી. પણ ઘણી બિલાડીના ટોપની જેમ સરકારના આદેશથી અથવા તકનો લાભ લઈને સરકારી પરમિશન સાથે ચાલું થઈ ગઈ હતી. જેમાં ખરેખર ઓક્સિજન હતો ? કે ન હોતો ? એ જોવા સિવાય ઢગલો પૈસા લઈને દર્દીઓને સેવા કરતા. ભગવાન જાણે એમણે શું કર્યું. ડાહ્યાલાલ કુદી પડ્યા.... અરે, ગાંડાભાઈ આવું ના બોલો. બધી જ હોસ્પિટલ પોતપોતાની રીતે સારું કામ કર્યું છે અને સરકારના આદેશ પ્રમાણે જ પૈસા લીધા છે. સરકારે જો પરમિશન આપીને આવી હોસ્પિટલો ન બનાવી હોત તો અસંખ્ય લોકોના જીવ ગયા હોત. ડૉકટર નવા હોય, અનુભવ ઓછો હોય પરંતુ ભણેલા તો હોય ને પણ એમને જે કર્યું એ સારું કર્યું.

ડાહ્યાભાઈ પાછા બોલ્યા. અને હા, ગાંડાભાઈ જે લોકોના મૃત્યુ થયા છે. તેમાં કોરોના સિવાયના પણ ઘણા કારણો હતા. હા... ઘણા ૩૦-૪૦ વચ્ચેના નવયુવાનોના મોત થયા છે. તેનું કારણ એ લોકો છેલ્લા શ્વાસે દવાખાનામાં દાખલ થયા છે. જો સજાગ રહીને એમને પહેલેથી કોરોનાની સારવાર લીધી હોય તો કદાચ એ લોકોના મૃત્યુ આપણે રોકી શક્યા હોત. સમયસર RT-PCR, CBC, CRP, D-Dimer, IL-6 અને Ferritin જેવા જો ટેસ્ટ ઝડપથી કરાવી લીધા હોત તો એમને બચાવી શક્યા હોત. ગાંડાભાઈ બોલ્યા આ મ્યુકરમાઈકોસીસ શું છે ?

ડાહ્યાભાઈએ કહ્યું, મ્યુકરમાઈકોસીસએ એસ્પરજીલસ નામની ફુગ છે. ગાંડાલાલે પછ્યું એવું કઈ રીતે થાય ? ડાહ્યાભાઈએ સવાલ કર્યા. ઈકોસ્પીન અને સ્ટીરોઈડ આ બે રામબાણ દવા છે કોરોના માટે. કોરોનાના દર્દીને આ બંને દવા આપવી જ પડે. સ્ટીરોઈડના લીધે ખાસ કરીને ડાયાબિટીસ હોય તેવા લોકો અને જેની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તેવા લોકોને સ્ટીરોઈડના લીધે એસ્પરજીલસની ફુગ શરીરના ભાગમાં ઉગે છે. ખાસ કરીને મોં ઉપર એની અસર વધારે થતી હોય છે. પણ છૂટકો નથી. સ્ટીરોઈડ અને લોહી પાતળું કરવાની દવા આપવી જ પડે. એટલે બે ખરાબ વસ્તુમાંથી એક ખરાબ વસ્તુ આપણે સ્વીકારવી જ રહી...

મહારાજા કૃષ્ણકુમારસિંહજી - ભાવનગરની પાવન સ્મૃતિ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

મહારાજા ભાવસિંહજી (ભાવનગર)ને ત્યાં સંતાન ન હતું. મહારાજા તરફના સ્નેહાદરને કારણે અનેક લોકોએ મહારાજને ત્યાં સંતાનનો જન્મ થાય તે માટે પોતપોતાની રીતે વૃત રાખેલા હતા. સર પ્રભાશંકર પટ્ટણીનો પણ તેમાં સમાવેશ થતો હતો. ઈશ્વરકૃપાથી ભાવસિંહજીને ત્યાં પુત્ર જન્મ થયો. ઈ.સ. ૧૯૧૨ના મે માસની ૧૯ તારીખે સૂર્યોદયના શુભ સમયે પાટવી કુંવરનો જન્મ થયો. તેમનું નામ કૃષ્ણકુમારસિંહજી નક્કી કરવામાં આવ્યું. મહારાજાને પટ્ટણી સાહેબ પરત્વે ખૂબ આદર હતો. ઉપરાંત મહારાજાને ત્યાં સંતાનનો જન્મ થાય તે માટે તેમણે વૃત પણ રાખેલ હતું. આથી વહેલી સવારે મહારાજા જાતે પુત્ર જન્મની વધામણી આપવા પટ્ટણી સાહેબના નિવાસસ્થાને (અનંતવાડી) ગયા. વહેલી સવાર હોવાથી તે સમયે સર પટ્ટણી જાગ્યા ન હતા. મહારાજા પોતાની મોજડી ઉતારી હળવા પગલે પટ્ટણી સાહેબની પથારી પાસે આદર સાથે ઊભા રહ્યા. સર પટ્ટણી જાગ્યા ત્યારે મહારાજાએ તેમને પુત્ર જન્મના સમાચાર આપીને વધામણી કરી. સર પટ્ટણીને પોતાના વૃત સફળ થયા અને ભાવનગર રાજ્યને રાજવી મળ્યા તેનો અંતરમાં આનંદ થયો. આ પ્રસંગ મુકુન્દરાય પરાશર્યએ લખ્યો છે. (પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વ દર્શન) એક સાર્વભૌમ રાજવી અને તેના દીવાન વચ્ચે કેવા આદરના તેમજ શ્રધ્ધાના સંબંધો હશે તેનો અણસાર આ પ્રસંગ વાંચીને થાય છે. જે પાટવી કુંવરનો જન્મ થયો તે કૃષ્ણકુમારસિંહજી એક ઉમદા તથા પ્રજાવત્સલ રાજવીની ખ્યાતિ મેળવીને ઈતિહાસમાં અમર થયા. મે માસની આકરી ગરમીમાં પણ કૃષ્ણકુમારસિંહજી કે સર પ્રભાશંકરનું સ્મરણ મનમાં શિતળતા તેમજ પ્રસન્નતાના ભાવ પ્રગટાવે છે. ''મારી પ્રજા સુખી રહો'' એવો મુદ્દાલેખ એ કૃષ્ણકુમારસિંહજીની ઓળખ છે. મહારાજાની જન્મશતાબ્દીની ઉજવણી ૧૯૧૧-૧૨ માં ઉમંગભેર કરવામાં આવી. ભાવનગરની યુનિવર્સિટી સાથે કૃષ્ણકુમારસિંહજીનું નામ જોડવાનો નિર્ણય પણ રાજ્ય સરકારે કર્યો. સૂર્યવંશના ગોહિલકુળના લગભગ ૭૦૦ વર્ષના શાસન પછી ભાવનગર રાજ્યની ધૂરા દેશના ચરણોમાં સમર્પિત કરનાર આ છેલ્લા રાજવી પોતાના વાણી - વર્તન તથા વિચારથી જનમાનસમાં સ્થિર થયેલા છે. ઘણાં બ્રિટીશ અમલદારો પણ કૃષ્ણકુમારસિંહજીના વહીવટથી પ્રભાવિત થયા હતા. ગગા ઓઝા કે સર પટ્ટણી જેવા વહીવટદારો આ રાજ્યને મળ્યા હતા તે તેનું સદભાગ્ય છે. જોકે આવા દીઘર્દ્રષ્ટા વહીવટકર્તાઓમાં સંપૂર્ણ શ્રધ્ધા તથા વિશ્વાસ રાખવાની ભાવનગર રાજ્યની એક વિશિષ્ટ ખાસીયત રહી છે.

મહારાજા કૃષ્ણકુમારસિંહજીના જન્મશતાબ્દીના અવસરે ૨૦૧૨માં અનેક પ્રસંગો થયા. પરંતુ આ બધામાં એક મહત્વનું કામ તે ગંભીરસિંહજી ગોહિલે કર્યું. તેમણે 'પ્રજાવત્સલ રાજવીલ્ય નામનાદળદાર ગ્રંથનું સર્જન પૂર્ણ નિષ્ઠા તેમજ ચોકસાઈથી કર્યું અને તેનું પ્રકાશન ૨૦૧૨ના વર્ષમાં જન્મશતાબ્દીની ઉજવણીના ભાગ તરીકે કર્યું.

કૃષ્ણકુમારસિંહજીના ઘડતરમાં સિંહ ફાળો સર પ્રભાશંકર પટ્ટણીનો રહ્યો. મહારાજાના પ્રેમાળ પિતા ભાવસિંહજીનું અકાળ અવસાન થયું ત્યારે કૃષ્ણકુમારસિંહજીની ઉમ્મર માત્ર સાત વર્ષની હતી. બ્રિટીશ સરકારે પ્રથા પ્રમાણે સગીર રાજવી વતી વહીવટ સંભાળવા સમિતિની રચના કરી. સર પટ્ટણી તે સમિતિના અધ્યક્ષ હતા. પટ્ટણી સાહેબની તાલીમ થકી ગુણગ્રાહી કુમારમાં અનેક સંસ્કારોનું ઊંડું સિંચન થયું.

મહાત્મા ગાંધી તથા બાળ મહારાજા કૃષ્ણકુમારસિંહજી વચ્ચેના એક સંપર્ક કે મુલાકાતની વાત જાણીતી બની છે. આ ઘટનામાં મહારાજા તેમજ ગાંધીજી એમ બન્ને પક્ષે વિવેકના દર્શન થાય છે. ૧૯૨૫માં કાઠિયાવાડ રાજકીય પરિષદમાં ભાગ લેવા ગાંધીજી ભાવનગર આવ્યા હતા. એકાદ અઠવાડિયું બાપુ ભાવનગર રોકાયા હતા. સર પટ્ટણી હમેશા મહાત્મા ગાંધી સાથે સુમેળ તેમજ સન્માનયુક્ત સંબંધ રાખતા હતા. આથી બાપુને મળવા જવા માટે તેમણે બાળ મહારાજાને સૂચવ્યું. મહારાજાની સંમતિથી બાપુનો સમય સર પટ્ટણીએ માંગ્યો જેથી બાળ મહારાજા તેમને મળી શકે. હવે અહીં મહાત્માજીના મનની ઉદારતા તેમજ દીઘર્દ્રષ્ટિતાનો અનુભવ થાય છે. ગાંધીજી સર પટ્ટણીને કહે છે કે ભલે તેઓ બાળક છે પરંતુ કૃષ્ણકુમારસિંહજી એ ભાવનગરના મહારાજા છે. તેથી તેમને મળવા સામે ચાલીને જવા બાપુએ ઈચ્છા બતાવી. મહાત્માજી પોતે ભાવનગરમાં ભણેલાં એટલે કહે કે ''હું તો ભાવનગરનો પ્રજાજન કહેવાઉં'' ગાંધીજીની રીતભાતમાં હમેશા વિવેક હતો તેવું અનેક પ્રસંગોએ નોંધાયું છે. આથી તેઓ અજાતશત્રુ હતા. પરંતુ સામી બાજુએ બાળ મહારાજાના મનમાં પણ ગાંધીજીની આ રીતભાતની ઊંડી અસર થઈ. તેની કાયમી સ્મૃતિ રહી. ૧૯૪૭ના ડિસેમ્બરની ૧૭મી તારીખે આજ મહારાજા મહાત્મા ગાંધીને દિલ્હીના બિરલા હાઉસમાં મળે છે. ફરી ગાંધીજીનો એજ વિવેક પ્રગટ થાય છે. મહારાજાને પૂર્ણ અદાર સાથે વ્યસ્ત મહાત્મા ગાંધીને મળવાનો સમય મળે છે. વાઈસરોયને પણ દુર્લભ હોય તેવા માન સન્માન સાથે બાપુની સૂચના મુજબ મનુબહેન મહારાજાને આવકારે છે. ગાંધીજી પાસે લઈ જાય છે. મહારાજાએ મક્કમતાથી પોતાના વિશાળ તેમજ સમૃધ્ધ રાજ્યનો ત્યાગ કરી નૂતન રાષ્ટ્રના ચરણે ધરવાનો નિર્ણય મહાત્માને સંભળાવ્યો. બાપુ સ્વાભાવિક રીતેજ પ્રસન્ન થયા. રાજવીઓમાં જુદા તરી આવે એવા આ રાજવી ત્યાગની બાબતમાં પણ સૌની મોખરે રહ્યા. મહાત્મા ગાંધી ભાવનગરના સ્તુત્ય પગલે ચાલવા અન્ય રાજવીઓને સૂચવતા હતા.

૧૯૬૫ની પહેલી એપ્રિલ મહારાજાના તેમજ ભાવનગરના ઈતિહાસમાં આકરી પુરવાર થઈ. ૩૧ માર્ચના રોજ નીલમબાગ પેલેસમાં કૃષ્ણકુમારસિંહજીની ઈચ્છા તથા આમંત્રણથી પ્રસિધ્ધ ગીતકાર તેમજ સંગીતકાર અવિનાશ વ્યાસ તેમજ તેમના સાથીઓએ પેલેસમાં બાપુને મનગમતા ગીતો સંભળાવ્યા. બાપુની ફરમાઈશથી છેલ્લે 'ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની' રચના સાંભળી. કાળની ગતિ ન્યારી છે. તેજ દિવસે મોડી રાત્રે આ પરગજુ રાજવી સતકાર્યોની ધૂણી ધખાવીને આ જગતમાંથી વિદાય થયા.

ગાંધીજીના જીવન ફિલસૂફીના વિચારોમાં કેળવણીનું સ્થાન

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધી આઝાદી મેળવ્યા બાદ પર્ણ સર્વોદય પ્રયોજવા ઈચ્છતા હતા ગાંધીજીએ પોતાના જીવન ફિલસૂફીના વિચારોમાં કેળવણીને અગત્યનું સ્થાન આપ્યું હતું. કેળવણી - રોજીરોટી - વ્યવસાય આ ત્રણેય બાબતોને સમજીને તેમણે પોતાના વિચારો શિક્ષણ પ્રણાલી કેવી વિકસવી જોઈએ તે તરફ બહુ સ્પષ્ટ રીતે દર્શાવ્યા છે.

ગાંધીએ કેળવણીની સાથોસાથ એ સમયમાં ઊભરી ચૂકેલી મુડીવાદી વ્યવસ્થા અને એની સામે હિંસા ક્રાંતિના માધ્યમે શરૂ થયેલી સામ્યવાદી પ્રવૃત્તિઓને પણ જોઈ સમજીને આ બંનેમાંથી માર્ગ કાઢ્યો હતો. ગાંધીજીએ મુડીવાદી વ્યવસ્થાના અનિયંત્રિત અને સ્વચ્છંદી વ્યક્તિ સ્વાતંત્ર્યને તેમજ એની સામેના છેડે સામ્યવાદીઓની હિંસા અને તેના ફરતેની રચાયેલી કેન્દ્રીત મારક સત્તાને જામતી રોકવા માટેના જાણે પ્રયાસો રજૂ કર્યા હતા. ગાંધીજી હિંસાના સ્થાને અહિંસા અને સ્વચ્છંદી સ્વાતંત્ર્યને બદલે બીજાની સ્વતંત્રતાને પણ ખીલવનારા સ્વાતંત્ર્યને નજર સમક્ષ રાખીને સંવાદ ધરી રચે છે. ગાંધીજી આર્થિક અને સામાજિક વ્યવસ્થાને વિકેન્દ્રીત ખેતી તેમ જ વિકેન્દ્રિત ઉદ્યોગો ઉપર રચવા માગે છે. એ હેતુસર તેઓ મર્યાદિત અંગત મિલ્કતની ભૂમિકા ઉપર ગ્રામઉદ્યોગો અને હાથઉદ્યોગની હિમાયત કરે છે. સામ્યવાદી રંગે રંગાયેલા રશિયાના સુધારાઓ આંદોલનો અને એની ત્વરીત સફળતાના બદલે માનવ ઈતિહાસને વધુ લક્ષ્યમાં લે છે. ખાનગી અંગત મિલ્કતોમાંથી સારામાં સારી ભૌતિક સુખાકારી ઉપલબ્ધ થાય અને સરવાળે ગ્રામીણ પ્રજાને પણ તેનો લાભ મળે એ તરફ વધુ ધ્યાન આપે છે. આ ઉપરાંત ખાનગી મિલકતો નૈતિક પરિણામે નિપજાવે એવી આશા પણ વ્યક્ત કરે છે.

આચાર્ય કૃપાલાણી તો એવો મત વ્યક્ત કરે છે કે ગાંધી ખાનગી મિલ્કત ધારકોની મોટી અંગત મૂડીને પણ એકઠી થતી રોકવા માટે વારસાવેરા અને મૃત્યુવેરા જેવા કરો કાનૂની નિયમનો રોકતા પણ ન રોકાય. જો કે આચાર્યની આ વાત સાથે સંપૂર્ણ સહમત ના થઈ શકાય કારણ ગાંધી તો કાયદાના બદલે સમજાવટથી કામ લેતા હતા. ગાંધી મોટા માલદારોનું હૃદય પરિવર્તન કરીને દેશના ગરીબ બાંધવો માટે ચોક્કસ સમજાવી દેત. કારણ કે ગાંધીના 'સર્વોદય' વિચાર આમાં જ પડેલો છે.

ગાંધી વિચારમાં માનવીનું હૃદય પરિવર્તન ટોચે છે, કાયદા નહીં

આચાર્ય કૃપાલાણી એક સવાલ આવશે એનો ગાંધી માર્ગે જવાબ આપતા લખે છે : 'આધુનિક સુધારા માટે આવશ્યક એવા ઉદ્યોગનું શું? ગાંધીજીને અભિપ્રાય એવો છે કે, એવા ઉદ્યોગની માલકી તેમ જ કાબૂ ખાનગી નહીં પણ પ્રજાકીય હોવો જોઈએ. વળી ખેતી અને ઉદ્યોગો એ બંને એકબીજાના પૂરક તેમ જ પોષક હોવાં જોઈ એ. ઉદ્યોગોની પેઠે ખેતીની બાબતમાં ગાંધીજી અંગત મિલકત ગણાતી મોટી મોટી જમીનદારીઓની વિરુદ્ધ છે. અત્યારે ગાંધીજી મોટા ધંધાદારીઓ અને મોટા જમીનદારોની વિરુદ્ધમાં કામ, કરતા નથી દેખાતા, તે વ્યવહાર કારણને તથા તેમની લડત અને સુધારણાની પદ્ધતિને આભારી છે. કડવાશ, દબાણ કે હિંસાનાં તો - તે દાખલ કરવા માગતા નથી. તે સત્યાગ્રહ અને સવિનયભંગની પદ્ધતિથી કામ કરે છે. આ તબક્કે તે મોટા ધંધાઓ અને મોટી જમીનદારીઓ કે સામે સત્યાગ્રહની ચળવળ ઉપાડવાની સલાહ નથી આપતા તેનું કારણ એ છે કે, તેમની માન્યતા મુજબ પરદેશી અમલની રાજકીય દખલગીરી દુર દેશ અને પ્રજા સ્વતંત્ર થશે, ત્યારે અહિંસક લડત ઉપાડ્યા વિના જ એ ધંધાઓ અને મોટી જમીનદારીઓ દૂર કરી શકાશે. ટોચ તરફ વધતા જતા કરવેરા અને મૃત્યુવેરા વડે એ ઈચ્છિત પરિણામ ક્રમાનુક્રમે લાવી રહેવાશે. એક વાર પ્રજા પાસે સત્તા આવી રહેશે, એટલે આ બધી વસ્તુઓ કાયદાકાનૂનથી જ તથા વર્ગ અને વર્ગવિગ્રહ છે જેવી મોટી મોટી લાગણીઓ ઉશ્કેર્યા વિના જ પાર પાડી શકાશે. પ્રાંતમાં કેટલીક મહાસભાવાદી સરકારોએ તાજેતરમાં પસાર કરેલ જમીન- અને ઋણ- રાહતના ધારાઓ આ નિર્ણયને પૂરું સમર્થન આપે છે. અને રાજકીય સત્તા પ્રાપ્ત કર્યા બાદ પણ જે જામી ગયેલા સ્વાર્થો માર્ગમાં આડે આવે, તે સત્યાગ્રહનું શસ્ત્ર વાપરવા માટે હંમેશ તૈયાર જ છે. દેશમાંના આંતરિક અન્યાય દૂર કરાવવા માટે આજની ઘડીએ સત્યાગ્રહનું શસ્ત્ર ઉપાડવા સામે મનાઈ ફરમાવે છે. આ સંબંધે સમજાવતા તેઓ કે સત્યાગ્રહનું શસ્ત્ર ઉપાડવું એ આપણી મુખ્ય લડત - સ્વાતંત્ર્ય પ્રાપ્તિની લડતમાંથી આપણું ધ્યાન દોરી વિખેરી નાંખનારું પરિબળ નીવડે.આપણા વિરોધીઓ આપણી રાજકીય સ્વતંત્રતાની લડતને તોડવામાં તેનો ગેરલાભ ઉઠાવે. ગાંધીજી તેમ છતાં એ સમયની પોતાની આર્થિક અને સામાજિક વ્યવહારની નીતિ એ રીતે સ્પષ્ટ કરે છે કે વિકેન્દ્રીકરણનો અર્થ એ નથી કે બંને ક્ષેત્રોમાં કોઈ પણ જાતની સહકારી પ્રવૃત્તિને અવકાશ જ ન હોય.

અત્રે એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે ગાંધીએ રાજકીય સ્વતંત્રતાની સાથે આર્થિક અને સામાજિક સ્વતંત્રતામાં પણ સમાનતા ઉદ્‌ભવે એવો વિચાર કર્યો હતો. કાળક્રમે એમના વિચારો મુજબનો ભારતીય સમાજ આપણે કાયદા થકી પણ મેળવી શક્યા નથી પરંતુ ગાંધીના મૂડીવાદી માલિકોની સમજાવટ તેમના પાંચમાં પુત્ર વિનોબાએ ભૂદાન યજ્ઞ દ્વારા લાખો એકર જમીન દાનમાં મેળવીને દર્શાવી આપ્યું હતું કે માનવીનું હૃદય પરિવર્તન ટોચે છે કાયદા નહીં.

મુઠ્ઠીભર મૂડીપતિઓ સામાજિક કલ્યાણ અને ગરીબ દેશના બાંધવોના સામાજિક ઉત્થાન અર્થે દાન-સખાવતની પરંપરા સાથે મદદરૂપ બને એ આશયે તો ગાંધીએ ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત પણ રજૂ કર્યો હતો. પરંતુ ગાંધીના કેળવણી વિષયક વિચારો કે ટ્રસ્ટીશિપના સિદ્ધાંતો આપણે અમલી બનાવ્યા નહીં એ સ્વીકારવું રહ્યું.